Gujarat samachar

Date: 28/10/2026, Page. 2

અમદાવાદ મેટ્રોના વિકાસ માટે

ગ્યાસપુર પાસે રૂ.૧૯૭ કરોડના ખર્ચે મેટ્રો રેલનો નવો ડેપો બનશે

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ મેટ્રો રેલનાં માળખાકીય વિકાસને વેગ આપવા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ગ્યાસપુર પાસે નવો ડેપો વિકસાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. અંદાજે રૂ.૧૯૭.૧૪ કરોડના ખર્ચે હાથ ધરાનારા આ પ્રોજેક્ટમાં મેટ્રોના સંચાલન અને દેખરેખ માટે અત્યાધુનિક ઓપરેશન્સ કંટ્રોલ સેન્ટર પણ બનાવવામાં આવશે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને ડેપો, અત્યાધુનિક કંટ્રોલ સેન્ટર, અન્ય ટેકનિકલ કામો માટે ટેન્ડર બહાર પાડ્યું

મેટ્રો રેલના આ પ્રોજેક્ટ અંતર્ગત ડેપોના સિવિલ બાંધકામ ઉપરાંત ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ સંબંધિત કામગીરી કરવામાં આવશે. કોન્ટ્રાક્ટ મળ્યાથી ૨૪ મહિનામાં સમગ્ર કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. પ્રોજેક્ટ માટે ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૦ નવેમ્બર,૨૦૨૬ છે. જ્યારે ટેકનિકલ બિડ તે જ દિવસે ખોલવામાં આવશે. ટેન્ડરની ટેકનિકલ વિગતો અંગે ૪ નવેમ્બરે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રી-બિડ બેઠક યોજાશે. રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો 'એન-પ્રોક્યુર' પોર્ટલ પરથી ટેન્ડરના જરૂરી દસ્તાવેજો મેળવી શકશે. આ સુવિધા ઉભી થવાથી મેટ્રોની કામગીરી, જાળવણી અને સંચાલન વ્યવસ્થાને વધું મજબૂતી મળશે.